# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **રાજ્યમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી "હર ઘર તિરંગા , હર ઘર સ્વચ્છતા , સ્વચ્છતા સાથે સ્વતંત્રતાની ઉજવણી"ની થીમ ઉપર કરાશે.**
2. **રાજ્યના નાગરિકો દ્વારા કરવામાં આવેલા ૧૦ હજાર જેટલા RTIના કેસોનો ત્વરિત ગતિએ નિકાલ કરાયો.**
3. **બાયોમેટ્રિક સહિતની આધારને લગતી સેવાઓ ઝડપી બનાવવા સરકારે ભાર મૂક્યો.**
4. **ગંભીરા પુલ પર ફસાયેલા ટેન્કરને ઉતારવાની કામગીરી પોરબંદરના વિશ્વકર્મા ગ્રુપ દ્વારા હાથ ધરવામાં આવી.**
5. **મુસાફરોના ધસારાને પહોંચી વળવા રક્ષાબંધનના તહેવારો દરમિયાન એસટી નિગમ દ્વારા અમદાવાદથી વધારાની 200 બસ દોડાવાશે.**
6. **રાજ્યભરમાં યોજાઇ રહેલા રાખી મેળા ઉદ્યમી મહિલાઓ માટે રોજગારીનું સાધન બની રહ્યાં છે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# HAR GHAR TIRANGA

રાજ્યના રમતગમત અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યના 33 જિલ્લાના કલેકટરોને અને અન્ય અધિકારીઓને "હર ઘર તિરંગા"ની ઉજવણી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ વર્ષે તિરંગાનો કાર્યક્રમ ત્રણ તબક્કામાં યોજાવાનો છે. પ્રથમ તબક્કામાં બે થી આઠ ઓગસ્ટ દરમિયાન રાખી બનાવવાના વર્કશોપ અને સ્પર્ધાઓ, વોલ પેઇન્ટિંગ, લેટર ડ્રાઇવ, ક્વિઝ સ્પર્ધા વગેરે યોજાશે.

બીજો તબક્કો 9 થી 12 ઓગસ્ટ દરમિયાન સમુદાયિક સફાઈ ઝુંબેશ, તિરંગા યાત્રા અને રેલિઝ, વોશ ઈન્ફ્રાટ્રક્શર અને સ્વચ્છતા દિવસ સાથે યોજાશે. જ્યારે ત્રીજો તબક્કો 13 થી 15 ઓગસ્ટ દરમિયાન સ્વચ્છતા સંવાદ અને જાગૃતિ દિવસ, સ્વતંત્રતા દિવસની તૈયારી અને ઉજવણી સાથે યોજાશે.

હર ઘર તિરંગા અને સ્વતંત્ર પર્વની ઉજવણીમાં શાળાઓ કોલેજો અને સ્થાનિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી સુનિશ્ચિત કરાશે.

---

# RTI BOOK

ગત વર્ષે રાજ્યના નાગરિકો દ્વારા કરવામાં આવેલા ૧૦ હજાર જેટલા RTIના કેસોનો ખૂબ ઝડપથી નિકાલ કરવામાં આવ્યો છે. આમ, આયોગમાં હાલમાં કોઈ પેન્ડનસી કેસ નથી. તેમ મુખ્ય માહિતી કમિશનર ડૉ. સુભાષ સોનીએ જણાવ્યું હતું..

ગાંધીનગર ખાતે ગુજરાત માહિતી આયોગ લઘુપુસ્તિકા અનાવરણ કાર્યક્રમ પ્રસંગે શ્રી સોનીએ જણાવ્યું હતું કે આયોગની વેબસાઈટના નવીનીકરણ થકી નાગરિકોની સુગમતા માટે આયોગના ૨૫૦ જેટલા અગત્યના ચૂકાદાઓ ઓનલાઈન મૂકવામાં આવ્યા છે.

આ ઉપરાંત આયોગ દ્વારા ગત વર્ષે મુખ્યત્વે પાંચ પાના સુધીની માહિતી વિનામૂલ્યે આપવી, માહિતીનો ફોટો પાડવાની તેમજ ડિજિટલ સ્ટોરેજ ડિવાઇસમાં માહિતી આપવાની મંજૂરી આપવા જેવી વિવિધ ભલામણો કરવામાં આવી હતી, જેનો રાજ્ય સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે, .

આ કાર્યક્રમાં મુખ્ય માહિતી કમિશનર ડૉ. સોની અને પૂર્વ મુખ્ય માહિતી કમિશનર શ્રી અમૃત પટેલના હસ્તે માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત તૈયાર કરવામાં આવેલી ત્રણ લઘુપુસ્તિકાઓની સુધારેલી આવૃત્તિનું વિમોચન તેમજ આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ-AI સોફ્ટવેરના ઉપયોગથી તૈયાર કરવામાં આવેલ પોડકાસ્ટનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

---

# BOTAD CHILD WELFARE

બોટાદ ચાઇલ્ડ વેલ્ફેર કમિટી દ્વારા ભિક્ષાવૃતિ કરતાં 10 બાળકોનું રેસક્યું કરવામાં આવ્યું. બાળકો પાસેથી તેમના વાલીઓ અંગેની જાણકારી મેળવી કચેરીએ બોલાવવામાં આવ્યા હતા અને બાળકો ફરી ભિક્ષાવૃતિ ન કરે તે માટે અભ્યાસ કરી સમાજમાં પુન સ્થાપન થાય તે માટે કામગીરી કરવામાં આવી હતી.

સાથે જ ચાઇલ્ડ વેલ્ફેર કમિટી દ્વારા બાળકો તેમજ પરિવારજનો સરકારની વિવિધ યોજનાનો લાભ મેળવી શકે તે માટે જાણકારી પણ આપવામાં આવી હતી.

## બાઇટ : વિરેન્દ્રસિંહ મોરી, ચેરમેન, ચાઇલ્ડ વેલ્ફેર કમિટી

---

## UID MEET

આધાર અમલીકરણ સમિતિની બેઠક ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના મુખ્ય સચિવ પંકજ જોશીની અધ્યક્ષતામાં ગઇકાલે યોજાઈ હતી.

આ બેઠકમાં રાજ્યના નાગરિકોની સેવા કરવામાં સતત કાર્યક્ષમતા અને નવીનતાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મુખ્ય રાજ્ય વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ અને **UIDAI**ના પ્રતિનિધિઓએ બેઠકમાં ભાગ લીધો હતો. રાજ્યભરમાં શાસન અને જાહેર સેવા પહેલને ટેકો આપવા માટે બાળ નોંધણી, ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ્સ, સુલભતામાં સુધારો, પ્રમાણિકતા સુનિશ્ચિત કરવા અને આધાર સેવાઓને એકીકૃત કરવા પર ચર્ચાઓ કેન્દ્રિત હતી. સમીક્ષામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર **(DBT)** યોજનાઓ અને સુશાસન કાર્યક્રમોમાં આધાર-સક્ષમ સેવાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

બેઠકમાં **UIDAI** ની તાજેતરની પહેલો, જેમાં યુનિવર્સલ ક્લાયન્ટ, **SWIK** પોર્ટલ, ફેસ ઓથેન્ટિકેશન અને આધાર એપ્લિકેશનનો સમાવેશ થાય છે, તેના પર વધુ ચર્ચા કરવામાં આવી હતી.

---

# GAMBHIRA BRIDGE TENKAR

આણંદના કલેક્ટર પ્રવીણ ચૌધરીએ કહ્યુ છે છે, 9 જુલાઈના રોજ ગંભીરા પુલ પર એક અકસ્માત થયો હતો. ત્યારથી પુલ પર ફસાયેલા ટેન્કરને ઉતારવાની કામગીરી પોરબંદરના વિશ્વકર્મા ગ્રુપ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

આ કામગીરી માટે હવે સમગ્ર ટ્રક બચાવ કામગીરી ટીમ મુખ્ય હાઇડ્રોલિક સ્ટેન્ડ જેક અને ચાર પુલિંગ ટ્રકનો ઉપયોગ કરાશે.

## બાઇટ- પ્રવીણ ચૌધરી, કલેક્ટર આણંદ

---

# WEATHER

હાલમાં રાજ્યભરમાં સામાન્ય વરસાદ થઇ રહ્યો છે. જ્યારે હવામાન વિભાગે આગામી સાત દિવસ માટે સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત ગુજરાતના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

આજે રાજ્યના કોઈપણ જિલ્લામાં ભારે વરસાદ માટે કોઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું નથી. જોકે, કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં પડી શકે છે. જોકે વરસાદ ઓછો થતાં તાપમાનમાં વધારો થવાની હવામાન વિભાગના વડા ડો.એ.કે. દાસે વ્યક્ત કરી છે.

## બાઇટ- ડો.એ.કે.દાસ, વડા હવામાન વિભાગ

---

# EXTRA BUS

રક્ષાબંધનના તહેવારો દરમિયાન એસટી નિગમ દ્વારા મુસાફરોની સુવિધા માટે અમદાવાદથી વધારાની 200 બસ દોડાવાશે.

આગામી દિવસોમાં આવી રહેલા સાતમ , આઠમ, જન્માષ્ટમી સહિતના તહેવારોને લઈ એસટી નિગમ દ્વારા મુસાફરોની સુવિધા માટે અમદાવાદથી વધારાની બસ દોડાવાનો નિર્ણય કરાયો છે. આવતીકાલ થી 11 ઑગસ્ટ સુધી અમદાવાદ થી સુરત, બરોડા, રાજકોટ, મોરબી, ભુજ, દાહોદ, ઝાલોદ અને ગોધરા માટે દરરોજ 200 વધારાની બસ દોડાવાશે.

ઉલ્લેખનીય છે કે 7 થી 9 ઓગસ્ટ માટે અત્યાર સુધીમાં 13 હજાર 157 સીટોનું એડવાન્સ બુકિંગ થઈ ગયું છે

---

# RAKHI MELO

રક્ષાબંધનના તહેવાર નિમિત્તે યોજાતા રાખીમેળા ઉદ્યમી મહિલાઓ માટે રોજગારીનું માધ્યમ બની રહ્યો છે..

મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ ગઇકાલે ગાંધીનગર ખાતે ‘રાખીમેળા’નું ઉદ્ઘાટન કર્યું. 8 ઓગસ્ટ સુધી મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ રાખીમેળામાં રાખડી સહિતની વિવિધ ચીજ-વસ્તુઓના પ્રદર્શન સહ વેચાણ માટે 100 જેટલા સ્ટોલ ઉભા કરાયા છે. ગાંધીનગર જિલ્લાના તેમજ આજુબાજુના

વિસ્તારના અંદાજે એક લાખ કરતા પણ વધુ નાગરીકો આ રાખીમેળામાં સહભાગી થવાની શક્યતા છે.

બાળકો ઘરની વસ્તુઓનો ઉપયોગ કરી 'ઇકો ફ્રેન્ડલી રાખડી' તૈયાર કરી શકે તે માટે ગીર ફાઉન્ડેશન દ્વારા ઇન્દ્રોડા ખાતે 'ઇકો રાખી મેકિંગ એક્ટિવિટી' યોજવામાં આવી હતી.

રાજ્ય સરકારના આર્થિક સહયોગ તથા માર્કેટિંગ પ્લેટફોર્મ થકી ગામડામાં રહેતી મહિલાઓ હવે વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ બનાવી રહી છે. ભુજમાં આયોજિત હાથશાળ અને રાખી મેળામાં પોતાની કલાનું પ્રદર્શન કરી રહેલા માધાપરના છાયાબેને પોતાનો પ્રતિભાવ આપતા આ મુજબ જણાવ્યું

**(બાઈટ – છાયાબેન ભટ્ટ)**

---

## PARA MEDICAL RAGISTRATION

ધોરણ બાર વિજ્ઞાન પ્રવા  હની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓએ અત્યાર સુધી 51 હજાર 331 બેઠકો માટે 41હજાર 390 એ નોંધણી કરાવી હતી.  નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતના પેરા મેડિકલ કોર્સ માટે આ નોંધણી કરાવવામાં આવી હતી.

---

# AHM SHRESTH SHALA SANMANA

અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિના નવસંસ્કરણ શિબિર સહિત 'શ્રેષ્ઠ શાળા સન્માન' અને 'શિક્ષણ સરિતા' પ્રકલ્પ કાર્યક્રમ યોજાયો હતો.

ગુણોત્સવ ૨૦૨૪-૨૫માં શ્રેષ્ઠ ગ્રેડ મેળવનાર, અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત દરેક તાલુકાની શ્રેષ્ઠ ૩ શાળાઓ મળીને કુલ ૨૭ શાળાઓને આ પ્રસંગે સન્માનિત કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નવી શિક્ષણ નીતિ અને નિપુણ ભારત ૨૦૨૬ના લક્ષ્યાંકોને હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે નિર્માણ કરાયેલા 'શિક્ષણ સરિતા' મોડ્યુલનું પણ આજના પ્રસંગે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વમંત્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે શાળાના શિક્ષકગણ અને શાળા વ્યવસ્થાપન સમિતિનું સંકલન શાળા અને વિદ્યાર્થીઓના ભવિષ્ય નિર્માણમાં મહત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા પ્રકલ્પો શિક્ષણ પ્રત્યે તેમની રુચિ વધારે છે

---